ફીકસ પગારથી ફરજ બજાવતા લોકરક્ષકોને
બીજા,ચોથા શનિવાર તથા રવીવારે બજાવેલ
ફરજ બદલ રજા પગાર આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
ઠરાવ ક્રમાંકઃ મહક/ ૨૦૧૩/ ૨૭૪૪/સ.
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ ૫/૧૨/૨૦૧૩

વંચાણે લીધાઃ-
(૧) ગૃહવિભાગનો તા. ૧૮/૧૨/૧૯૮૫નો ઠરાવ ક્રમાંકઃ ઇ.એસ.ટી./ ૨૭૮૫/ ૫૫૩૬/જી.
(૨) ગૃહવિભાગનો તા. ૬/૧/૧૯૮૬નો ઠરાવ ક્રમાંકઃ ઇ.એસ.ટી./ ૨૭૮૫/ ૫૫૩૬/સ.
(૩) ગૃહવિભાગનો તા. ૧૬/૧૦/૧૯૯૧નો ઠરાવ ક્રમાંકઃ મહક/૧૦૯૦/૧૦૪૧/ઇ.

<u>પ્રસ્તાવનાઃ-</u>

ગૃહવિભાગના ઉપરોક્ત સંદર્ભ (૧) થી (૩) માં દર્શાવેલ ઠરાવોમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી નિયંત્રણમાં લેવા અને વી.આઇ.પી. બંદોબસ્ત જેવી અગત્યની કામગીરી હોય ત્યારે હેડ કોન્સ્ટેબલ / પોલીસ કોન્સ્ટેબલ દરજ્જાના કર્મચારીઓ બીજા અને ચોથા શનિવાર રવિવાર તથા જાહેર રજાના દિવસે ફરજ બજાવે ત્યારે એક દિવસના પગાર જેટલી રકમ રોકડ વળતર તરીકે ચુકવવાના આદેશો કરવામાં આવેલા છે.

ત્યારબાદ રાજય સરકાર ધ્વાર નિશ્રિત સમયગાળા દરમ્યાન માસિક એકત્રિત વેતનથી સીધી ભરતીથી લોકરક્ષકની નિમણુંકનું ધોરણ અપનાવી ખુબ વિશાળ પાયા પર રાજયના પોલીસ દળમાં નવી ભરતીઓ કરી રાજયની કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી સુદઢ કરવાના પ્રયત્નો હાથ ધરેલ છે. અને આ પ્રયત્નો અવિરતપણે ચાલુ છે.

હાલમાં ફીકસ પગારના ધોરણે ફરજ બજાવતા લોકરક્ષકોને કાયદો અને વ્યવસ્થા, જેલ કામગીરી , રાત્રિ પ્ટ્રોલીંગની કામગીરીને લઇને સુરક્ષા સેતુ અંતર્ગત વિવિધ પ્રકારની કામગીરી પણ બજાવાની થતી હોય છે. રજાના દિવસોમાં પણ આવી ફરજો લેવામાં આવે અને તેના વળતરરૂપે મહેનતાણું / રજા પગાર આપવામાં આવે તો વધુ સારી રીતે કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવી શકાય. આ બાબતને ધ્યાને લઇ વિવિધ પ્રકારની તેમજ સંવેદનશીલ પ્રકારની કામગીરી બજાવતા ફીકસ પગારથી ફરજ બજાવતા લોકરક્ષકોને બીજા અને ચોથા શનિવાર તથા રવિવારના દિવસે ફરજ બજાવવા બદલ રજા પગાર આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણામાં હતી.

<u>ઠરાવઃ-</u>

ફીકસ પગારના ધોરણે ફરજ બજાવતા લોકરક્ષકોને કાયદો અને વ્યવસ્થા, જેલ કામગીરી , રાત્રિ પ્રેટ્રોલીંગની કામગીરી, વી.વી.આઇ.પી.ની મુલાકાત વખતની સુરક્ષાની કામગીરી, તમામ પ્રકારના તહેવારો , રાષ્ટ્રીય પર્વો, મોરચા ,રેલીઓ, ધરણાં , પરીક્ષા બંદોબસ્તથી લઇને સુરક્ષા સેતુ અંતર્ગત વિવિધ પ્રકારની કામગીરી પણ બજાવાની થતી હોય છે. આમ વિવિધ પ્રકારની તેમજ સંવેદનશીલ પ્રકારની કામગીરી બજાવતા ફીકસ પગારથી ફરજ બજાવતા લોકરક્ષકોને બીજા અને ચોથા શનિવાર તથા રવિવારના દિવસે ફરજ બજાવવા બદલ એક દિવસના રૂ.૧૫૦/- લેખે ( અંકે રૂપિયા એકસો પચાસ પુરા) રજા પગાર આપવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમનો અમલ તા. ૩૦/૧૧/૨૦૧૩થી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકઃની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા:૩/૯/૨૦૧૩ની તથા સરકારશ્રીની તા. ૩૦/૧૧/૨૦૧૩થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.બી.ભગત)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ

- માન મુ.મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર
- માન રાજય કક્ષાના.મંત્રીશ્રી(ગૃહ) અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી ( વહીવટ) ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા)ગુજરાત રાજય,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક(હથીયારી એકમો)ગુજરાત રાજય,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક(ઇન્ટે)ગુજરાત રાજય,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક(સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ)ગુજરાત રાજય,ગાંધીનગર
- પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર / સુરત શહેર/ રાજકોટ શહેર / વડોદરા શહેર
- સર્વે રેન્જ ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ/ સર્વે નાયબ ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ
- સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- ગૃહ વિભાગ હેઠળના અન્ય તમામ ખતાના વડા
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી ગુજરાત રાજય રાજકોટ/ અમદાવાદ
- સર્વે અધિકારીશ્રીઓ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર
- આઇ.ટી. શાખા ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર

ઉકત ઠરાવ ગૃહ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની કાર્યવાહી કરવા સારૂ.

- સર્વે શાખાઓ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર,
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ